# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-01-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આણંદના ભાદરણથી “મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના”નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો
2. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, જુનાગઢમાં આ વખતે યોજાનારો ભવનાથનો મેળો સૌથી ભવ્ય અને યાદગાર બની રહેશે
3. અમદાવાદમાં દેશની પહેલી LNG પૅસેન્જર ટ્રેન તૈયાર
4. શક્તિપીઠ અંબાજીમાં આજથી ત્રણ દિવસ “51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો પ્રારંભ.
5. રાજ્યમાં આગામી દિવસોમાં ગરમી અને ઠંડી બંને ઋતુનો અનુભવ થવાની આગાહી
6. જૂનાગઢનાં 14 વર્ષનાં ટેનિસ ખેલાડી જેન્સી કાનાબાર ઓસ્ટ્રેલિયન ઓપનમાં વિજેતા બની ઇતિહાસ સર્જ્યો.

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GRAMOTTHAN YOJANA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આણંદના ભાદરણ ખાતેથી "મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના"નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે કહ્યું, આ યોજનાના પ્રથમ તબક્કામાં 114 ગામને આવરી લેવાશે. જ્યારે 10 હજારથી વધુની વસતિ ધરાવતી રાજ્યની તમામ ગ્રામ પંચાયત સુધી આ યોજનાના વ્યાપનો આગામી સમયમાં વિસ્તાર કરાશે. તેનાથી ગ્રામ્ય અને શહેરી વિકાસ વચ્ચેનો સમગ્ર અને સંતુલિત વિકાસનો સંકલ્પ સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી સાકાર થશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

ઉપરાંત શ્રી પટેલે 663 કરોડના કુલ ખર્ચે નિર્માણ થનારી રાજ્યની બે હજાર 666 ગ્રામ પંચાયત માટે પોતિકા ગ્રામ પંચાયત ઘર કમ તલાટી આવાસના એકસાથે એક જ સ્થળેથી ઇ-ખાતમુહૂર્ત કર્યું. આ પહેલા મુખ્યમંત્રીએ ખંભાત શહેર અને આણંદ જિલ્લામાં 234 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.

----------

# GRAMOTTHAN – DISTRICT

રાજ્યભરમાં વિવિધ મંત્રીઓ અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં જિલ્લાકક્ષાના ગ્રામોત્થાન યોજનાનો શુભારંભ કરાયો.

નાણામંત્રી કનુ દેસાઈએ વલસાડમાં 16 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર થયેલી 57 ગ્રામ પંચાયતના નવા ભવનનું ઇ-ખાતમુહૂર્ત અને 18 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર થનારા 976 વિકાસકાર્યોનું ઇ-લોકાર્પણ કર્યું.

નર્મદામાં જિલ્લા વિકાસ અધિકારી આર. વી. વાળાની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં પાંચ તાલુકામથકની ગ્રામ પંચાયતોનું આધુનિકીકરણ, 69 ગ્રામ પંચાયતના ભવન નિર્માણ માટે 17 કરોડ રૂપિયાથી વધુની જોગવાઈ કરવામાં આવી છે.

**ભરૂચ જિલ્લામાં 166 અને ભરૂચ તાલુકામાં 28 ગ્રામપંચાયત કચેરીના નવા કામનું ભૂમિપૂજન કરાયું. જ્યારે ઉમરાજ ગામમાં 35 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થનારા પંચાયત ભવનના નવા મકાનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.**

**ડાંગમાં આ યોજના અંતર્ગત જિલ્લાની 55 ગ્રામ પંચાયતના નવા ભવન નિર્માણ માટે 13 કરોડ 90 લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.**

ગીર સોમનાથના તાલાળા તાલુકાના ઉમરેઠી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ મંજુલા મૂછારે ગ્રામપંચાયત ઘરનું અને 19 ગ્રામ પંચાયત ઘર કમ તલાટી કમ મંત્રી આવાસનું ખાતમુહૂર્ત કર્યું.

----------

# TEXTILE ASSO EXPECTATION

**કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણ આ રવિવારે પહેલી ફેબ્રુઆરીએ સંસદમાં કેન્દ્રીય અંદાજપત્ર રજૂ કરશે. ત્યારે દેશભરના ઉદ્યોગકારો, વેપારીઓ સહિતના લોકોને આ અંદાજપત્રમાં અનેક પ્રકારની**

રાહત મળવાની અપેક્ષા છે. અમદાવાદ કાપડ સંગઠનના અધ્યક્ષ અશ્વિન ઠક્કરે પણ તાજેતરમાં અંદાજપત્રમાં અપેક્ષા અંગે પત્રકારોને માહિતી આપી હતી.

(BYTE: ASHWIN THAKKAR, CHAIRMAN, AHMEDABAD TEXTILE ASSOCIATION)

----------

## BHAVNATH MELA DyCM

ગાંધીનગરમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સંતો અને વહીવટી તંત્ર સાથે બેઠક યોજી. તેમાં જુનાગઢમાં ગિરનારની તળેટીમાં યોજાનારા ભવનાથ મહાશિવરાત્રિના મેળાના સુચારુ આયોજન અંગે ચર્ચા કરી.. બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધતા શ્રી સંઘવીએ આ વર્ષનો મેળો અત્યાર સુધીનો સૌથી ભવ્ય અને યાદગાર મેળો બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું, આગામી 11 ફેબ્રુઆરીએ સૌપ્રથમ વખત અલૌકિક નગર પ્રવેશ સાથે નગરયાત્રા યોજાશે. તેમજ પવિત્ર નાગા સાધુઓની રવેડીનો માર્ગ વધારીને બે કિલોમીટર સુધીનો કરાશે.

(BYTE: HARSH SANGHAVI, DyCM)

ઉલ્લેખનીય છે કે, આગામી 11થી 15 ફેબ્રુઆરી સુધી ગિરનાર તળેટીમાં ભવનાથ મેળો યોજાશે.

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## FIRST LNG TRAIN

ભારતીય રેલવે દ્વારા અમદાવાદમાં દેશની પહેલી LNG એટલે કે, પ્રવાહીકૃત કુદરતી ગેસ સંચાલિત પૅસેન્જર ટ્રેન તૈયાર કરવામાં આવી છે. તેના કારણે ડીઝલના ઉપયોગમાં 40 ટકા ઘટાડો થયો છે. તેમજ કાર્બન ઉત્સર્જન પણ ઘટાડાયું છે. આ અંગે પશ્ચિમ રેલવેના ડિવિઝનલ રૅલવે મૅનેજર વેદ પ્રકાશે વધુ માહિતી આપી.

**(BYTE: VED PRAKASH, DRM, WESTERN RAILWAY)**

----------

## AMG SHAKTIPEETH PARIKRAMA

શક્તિપીઠ અંબાજી ખાતે આજથી ત્રણ દિવસ “51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ”નો પ્રારંભ થતાં અંબાજી ગબ્બર “બોલ માડી અંબે જયજય અંબે”ના નાદથી ગૂંજી ઉઠ્યું છે. વન અને પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવિણ માળીએ આ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો. આગામી ત્રણ દિવસ ભક્તોને એક જ સ્થાને 51 શક્તિપીઠના દર્શનનો લ્હાવો મળશે. આ અંગે સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ.

(VOICECAST: SAVAJI CHAUDHARI)

----------

## GOVT EXAM RESULT

રાજ્યભરમાં ગત 29 ઑક્ટોબરથી પહેલી નવેમ્બર 2025 સુધી યોજાયેલી ઇલેક્ટ્રિક સુપરવાઇઝર અને વાયરમૅનની પરીક્ષાનું પરિણામ જાહેર કરાયું છે. ઉમેદવારો CEICED.GUJARAT.GOV.IN વૅબસાઈટ પર પરિણામ જોઈ શકશે.

સાથે જ તેઓ CEICED-ના પૉર્ટલ પર લૉગ-ઇન કરીને ઍપ્લિકેશન સ્ટેટસ-માં જઈ પહેલી ફેબ્રુઆરીથી પરિણામ ડાઉનલૉડ કરી શકશે, તેમ ગાંધીનગર લાયસન્સિંગ બૉર્ડના સચિવની યાદીમાં જણાવાયું છે.

----------

# GANDHIJI PUNYATITHI

સમગ્ર રાષ્ટ્ર આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની 78-મી પુણ્યતિથિ નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ સોશિયલ મીડિયા સંદેશ પર મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપી. તેમણે પૂજ્ય બાપુના વિચારને માત્ર ભારતના જ નહીં, પણ સમગ્ર વિશ્વના કલ્યાણ માટે દીવાદાંડી સમાન ગણાવ્યા. શ્રી પટેલે વધુમાં લખ્યું, મહાત્મા ગાંધીજીએ બતાવેલા સ્વચ્છતા, સાદગી અને સ્વાવલંબનના માર્ગ પર ચાલીને નૈતિક અને સમરસ સમાજનું નિર્માણ કરવું એ જ તેમને સાચી શ્રદ્ધાંજલિ છે.

----------

# Shahid Divas Overall

દેશની આઝાદી અને માતૃભૂમિના રક્ષણ માટે પોતાના પ્રાણ ન્યૌછાવર કરનારા વીર શહીદોની યાદમાં આજે રાજ્યભરમાં શહીદ દિવસ મનાવાયો. રાજ્યભરની સરકારી સંસ્થાઓમાં સવારે 11 વાગે સાયરન વગાડીને 2 મિનિટનું મૌન પાળી શહીદોને શ્રદ્ધાંજલી અપાઇ.

જામનગર, ડાંગ, તાપી તથા સાબરકાંઠાના હિંમતનગર કલેક્ટર કચેરી ખાતે પણ કલેક્ટર, નિવાસી અધિક કલેક્ટર, નાયબ કલેક્ટર સહિતના અધિકારીઓ અને કર્મચારીઓએ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

છોટાઉદેપુર જીલ્લાની તમામ વિભાગીય કચેરીઓના કર્મચારીઓએ શહીદોને અંજલિ આપી હતી.

----------

## WEATHER

રાજ્યમાં આગામી દિવસોમાં ગરમી અને ઠંડી બંને ઋતુનો અનુભવ થવાની શક્યતા છે. હવામાન વિભાગે જણાવ્યું કે આગામી સાત દિવસ રાજ્યમાં ઠંડીમાં ઘટાડો થઇ શકે છે. જ્યારે શીતલહેર જેવી સ્થિતિ સર્જાવાની શક્યતા પણ નહીવત્ છે.

દરમિયાન ગત 24 કલાકમાં 8.6 ડિગ્રી સેલ્સીયસ સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડુ શહેર રહ્યું છે, જ્યારે અમદાવાદમાં 15.9, વડોદરામાં 16.8, ભુજમાં 12.6, રાજકોટમાં 15 અને સુરતમાં 20 ડિગ્રી સેલ્સીયસ તાપમાન નોધાયું.

----------

## JUNAGADH PLAYER

જૂનાગઢનાં ટેનિસ ખેલાડી જેન્સી કાનાબાર ઓસ્ટ્રેલિયન ઓપનમાં 14 વર્ષથી ઓછી વયની શ્રેણીમાં વિજેતા બની ઇતિહાસ સર્જ્યો છે. ઓસ્ટ્રેલિયાના મેલબર્નમાં રમાયેલી મેચમાં ફાઇનલ મુકાબલામાં તેમણે ઓસ્ટ્રેલિયાના મુરમ્બા સિલેકને 3-6, 6-4 અને 6-1 થી પરાજય આપ્યો હતો.

આ સાથે જ ઓસ્ટ્રેલિયન ઓપન જુનિયર વિભાગમાં વિજેતા થનારા જેન્સી કાનાબાર પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બન્યાં છે. અગાઉ તેઓ વિમ્બલડન જુનિયરમાં પસંદગી પામ્યાં હતા, જ્યાં તેમણે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

----------

## Multiplex Accident - Valsad

વલસાડના વશિયર વિસ્તારમાં આવેલા ખાનગી સિનેમાગૃહમાં છતનો એક ભાગ તૂટી પડતાં ફિલ્મનો શો રદ્દ કરવો પડ્યો હતો. સદનસીબે, એક પણ પ્રેક્ષકને કોઇ હાનિ થઇ ન હતી.

----------